# ચૌદમી ગુજરાત વિધાનસભા
# દિવસના કામકાજની યાદી

**દસમું સત્ર**

## બુધવાર, તા. ૨જી માર્ચ, ૨૦૨૨

## બપોરના ૧૨–૦૦ વાગ્યે

**(રાજ્યપાલશ્રી બપોરે ૧૨–૦૦ વાગ્યે વિધાનસભાને સંબોધન કરશે.**

**રાજ્યપાલશ્રીનું સંબોધન પૂરું થયા બાદ ૧૫ મિનિટના વિરામ બાદ સભાગૃહની બેઠક મળશે.)**

**૧. રાજ્યપાલશ્રીના સંબોધનની નકલ સભાગૃહના મેજ ઉપર મૂકવી**

**.....સચિવશ્રી, ગુજરાત વિધાનસભા**

**૨. રાજ્યપાલશ્રીના સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ (રજૂઆત)**

**૩. શોકદર્શક ઉલ્લેખો**

ભારતરત્ન સ્વર સામ્રાજ્ઞી સ્વ. લતા મંગેશકર, ગુજરાત વિધાનસભાના વિદ્યમાન સભ્ય સ્વ. ડૉ આશાબેન દ્વારકાદાસ પટેલ તથા ગુજરાત રાજ્યના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી સ્વ.શ્રી પ્રતાપસિંહ હીરાભાઇ પટેલ, સ્વ.શ્રી વ્રજલાલ દુર્લભજી જાની, સ્વ.શ્રી અમૃતલાલ કાળીદાસ પટેલ અને સ્વ.શ્રી ઉપેન્દ્રસિંહ પ્રતાપસિંહ ગોહીલ, તથા ગુજરાત રાજ્યના પૂર્વ સભ્ય સ્વ.શ્રી અંબાલાલ જયશંકર ઉપાધ્યાય, સ્વ.શ્રી જગદીશચંદ્રજી દોલજીભાઇ ડામોર અને સ્વ.શ્રી જોરૂભા જેઠુભા ચૌહાણના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો

**૪. વિધાનસભાના મેજ ઉપર મૂકવાના કાગળો**

(૧) સન ૨૦૨૨નો વટહુકમ ક્રમાંક–૧–સન ૨૦૨૨નો ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) (સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન

**....... માનનીય મહેસૂલ મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદી**

(૨) સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવવા બાબતના અધિનિયમ હેઠળ વીજ ઉત્પાદન, વીજ પ્રવહન, વીજ વિતરણ, ઉપરાંત ટ્રેડીંગ ઓફ ઇલેક્ટ્રીકલ પાવર એન્ડ કો–ઓર્ડીનેશન એકટીવીટી કરતા હોય તેવા ઉદ્યોગોમાંના તમામ રોજગારને આવશ્યક સેવાઓ તરીકે જાહેર કરતી ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની તા.૧૫–૨–૨૦૨૨ની અધિસૂચના ક્રમાંક– ઘઇ/૨૦૨૨–૧૦/જીયુવી–૧૧૨૦૧૦–૨૮૬૧–ક(પાર્ટ–૨)

**..... માનનીય ઉર્જા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ**

...૨...

**૫. <u>અનુમતિ મળેલાં વિધેયકો વિધાનસભાના મેજ ઉપર મૂકવાં</u>**

ચૌદમી ગુજરાત વિધાનસભાના નવમા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં સન ૨૦૨૧નાં વિધેયક ક્રમાંક–૨૧, ૨૨ અને ૨૪ વિધાનસભાના મેજ ઉપર મૂકવાં

**..........સચિવશ્રી, ગુજરાત વિધાનસભા**

**૬. કામકાજ સલાહકાર સમિતિના તેરમા અહેવાલની રજૂઆત**

**........માનનીય અધ્યક્ષશ્રી**

**૭. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

''આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના તેરમા અહેવાલ સાથે સંમત થાય.''

**૮. સરકારી વિધેયકો**

(૧) સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક–૧–સન ૨૦૨૨નું ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) (સુધારા) વિધેયક

...........દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન

**..... માનનીય મહેસૂલ મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદી**

(૨) સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક–૨–સન ૨૦૨૨નું ગુજરાત ઓર્ગેનિક કૃષિ યુનિવર્સિટી (સુધારા) વિધેયક

...........દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન

**.....માનનીય કૃષિ મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલ**

**વિધાનસભાગૃહ,** **ડી. એમ. પટેલ**
**ગાંધીનગર.** **સચિવ,**
**તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૨** **ગુજરાત વિધાનસભા.**